ડાયરેક્ટ ❤ સે

આ જિંદગી
એક ટૂંકો પ્રવાસ છે
ઓછા સમયમાં
વધુ જીવવાનો પ્રયાસ છે
સાચવવા જેવી ચીજ
મનની મીઠાશ છે
ને ભૂલવા જેવી ચીજ
સંબંધોની કડવાશ છે

જન્મદિને વધામણી

ધૃવિલ રશ્મિકાંત પટેલ
મો. ૯૯૨૫૪ ૭૦૧૧૬

સ્વર વી પટેલ
મો. ૯૭૨૫૮ ૭૦૩૨૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

મેડિકલ-ડેન્ટલની ૧૦,૩૬૫ બેઠક પર પ્રવેશ માટે ૧ ઉમીથી રજિસ્ટ્રેશન

તા.૧ ઉમીથી ૨૦મીએ બપોરે ૩ વાગ્યા સુધી ડોક્યુમેન્ટ વેરિફિકેશન : તા. ૨૬મીએ મેરિટલિસ્ટ

મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે આખરે પ્રવેશ સમિતિ દ્વારા કાર્યક્રમ જાહેર કરી દેવાયો છે. જે પ્રમાણે આગામી તા.૧૨મીથી ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે પીન વિતરણ કરવામાં આવશે. હાલમાં જે કાર્યવાહી થઈ રહી છે તે મેડિકલ ઉપરાંત ડેન્ટલ, હોમિયોપથી, આયુર્વેદ અને નેચરોપથીના કોર્સ માટે પણ લાગુ પડશે. લાંબા સમય બાદ સેન્ટ્રલ બોર્ડ દ્વારા નીટના વિદ્યાર્થીઓની સીડી પ્રવેશ સમિતિને સુપરત કરવામાં આવતાં કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. હજુ સુધી માત્ર પીન વિતરણ અને રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. મોક રાઉન્ડ અને ફાઈનલ રાઉન્ડ ક્યારે થશે તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. તા. ૨૬મી જૂને મેરિટલિસ્ટ જાહેર કરાશે. જેના આધારે પમી જુલાઈ સુધીમાં પ્રવેશ પ્રક્રિયાનો પહેલો રાઉન્ડ પુરો કરી દેવાનું નક્કી કરાયું છે.

મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ લાંબા સમય સુધી રાહ જોયા બાદ આખરે પ્રવેશ સમિતિએ કાર્યક્રમ જાહેર કર્યો છે. નીટના આધારે કુલ પાંચ કોર્સમાં પ્રવેશની પ્રક્રિયા થ?વાની છે. જેમાં તા.૧૨મી જૂનથી તા.૧૯મી જૂન સુધી ખાનગી બેંકમાંથી પીન વિતરણ ઓનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયા કરવાની રહેશે. તા.૧ ઉમી જૂનથી ૧૯મી જૂન સાંજે ૭ વાગ્યા સુધી વિદ્યાર્થીઓ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. જે વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હોય તેઓએ તા.૧ ઉમી જૂન બપોરે ૧૨ વાગ્યાથી તા.૨૦મી જૂન બપોરે ૩ વાગ્યા સુધી હેલ્પ સેન્ટરમાં અરજી ચકાસણી તેમજ પ્રમાણપત્રોની નકલ જમા કરાવવાની રહેશે.

ઓનલાઈન પીન નિર્ધારીત કરાયેલી બેંકમાંથી રૂ. ૨૦૦ આપવાથી મળી શકશે. કઈ કઈ બેંકમાંથી મળશે તેની યાદી મેડિકલ પ્રવેશ સમિતિની વેબસાઈટ પર મૂકવામાં આવી છે. જે વિદ્યાર્થીઓ એન.એચ.એલ. મ્યુનિ. મેડિકલ કોલેજ અને સુરત મેડિકલ કોલેજમાં લોકલ કવોટામાં પ્રવેશ લેવા ઈચ્છતાં હોય તેઓએ અમદાવાદ અને સુરતના રહેવાસી છે તેવું પ્રમાણપત્ર સંબંધિત સંસ્થાના ડીન પાસેથી લેવાનું રહેશે. જયારે એનઆરઆઈ ક્વોટા માટે એડમિશન કમિટીના નામનો રૂ. ૧૦ હજારનો ડિમાન્ડ ડ્રાફ્ટ કમિટીની ઓફિસ ગાંધીનગર ખાતે જમા કરાવવાનો રહેશે. તા. ૨૬મી જૂને રજિસ્ટ્રેશનના આધારે મેરિટયાદી જાહેર કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે આપેલી સૂચના પ્રમાણે પમી જુલાઈ સુધીમાં પહેલો રાઉન્ડ પુરો કરી દેવામાં આવશે. મેરિટલિસ્ટ જાહેર થયા બાદ પ્રવેશની બાકીની કાર્યવાહીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવશે.

આ પણ જાણો



સૌરમંડળમાં પૃથ્વી જ એક એવો ગ્રહ છે, જ્યાં પૂર્ણ સૂર્યગ્રહણ થાય છે.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ખાતે સોમવારે પ્રવેશોત્સવની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. સ્કૂલના પ્રાંગણમાં સવારે ૭.૩૦ કલાકે શાળાના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભેગા મળીને પ્રાર્થના કરી હતી અને ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓને ગોળ-ધાણા ખવડાવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શાળા પરિવાર વતી શુભકામનાઓ પાઠવી હતી. શાળાના આ અભિનવ કાર્યક્રમમાં ટ્રસ્ટી તથા આચાર્યએ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારીઓ કરવા માટે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉપરાંત સમગ્ર વર્ષ દરમિયાન શાળાના રૂટિન અને અભ્યાસક્રમ લક્ષી પરીક્ષાઓની માહિતી પણ આપી હતી.

આર્કિટેક્ચરની ૧૪૦૦ બેઠકો માટે પ્રવેશ કાર્યક્રમ જાહેર

ગાંધીનગર, તા. ૧૨

રાજયની ૩૧ આર્કિટેક કોલેજોની અંદાજે ૧૪૦૦ જેટલી બેઠકો પર પ્રવેશ માટેનો કાર્યક્રમ જાહેર કરી દેવાયો છે. જેમાં તા.૧૧મીથી તા.૪ જુલાઈ સુધી પીન વિતરણ કરવામાં આવશે. તા. ૧૨મીથી ૪ જુલાઈ સુધી રજિસ્ટ્રેશન અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરવામાં આવશે. તા.૧૧મી જુલાઈના રોજ સીટમેટ્રિક્સ જાહેર કરાશે. તા.૧ ઉમી જુલાઈએ પ્રોવિઝનલ મેરિટલીસ્ટ જાહેર કરવામાંઆવશે. તા. ૧ ઉમીથી ૧૬મી જુલાઈ સુધી વિદ્યાર્થીઓ મોક રાઉન્ડ માટે ઓનલાઈન ચોઈસ ફિલિંગ કરી શકશે. તા.૧૯મીએ મોક રાઉન્ડનું પરિણામ જાહેર કરાશે.આ જ દિવસે ફાઈનલ સીટમેટ્રિકસ જાહેર કરવામાં આવશે. તા.૨૦મીએ ફાઈનલ મેરિટલિસ્ટ અને તા.૨૦મીથી ૨ ઉમી જુલાઈ પ્રથમ ફાઈનલ રાઉન્ડ માટે ચોઈસ આપવાની રહેશે. તા.૨૫મીએ પ્રથમ રાઉન્ડમાં ચોઈસ આપનારા વિદ્યાર્થીઓને મેરિટના આધારે કોલેજની ફાળવણી કરાશે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત

પત્રકારત્વના કોર્સમાં પ્રવેશની તક

એક વર્ષનો કોર્સ : ગ્રેજ્યુએટ થયેલા વિદ્યાર્થી પ્રવેશને પાત્ર

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પત્રકારત્વનો પીજી ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલી રહ્યો છે, જેના માટે પ્રવેશ પ્રક્રિયાનો આરંભ કરવામાં આવ્યો છે.

આ અંગેની એક અકબારી યાદીમાં વિશ્વવિદ્યાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે ગાંધીનગર ખાતે પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઇન જર્નાલિઝમ એન્ડ માસ કમ્યુનિકેશન છેલ્લાં છ વર્ષથી સફળતાપૂર્વક ચાલી રહ્યો છે, જે અંતર્ગત તાલીમાર્થીઓને અગ્રણી પત્રકારો અને પત્રકારત્વ ક્ષેત્રના અનુભવી તજ્જ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે. આ કોર્સ અંતર્ગત તાલીમાર્થીઓને તાલીમ આપવા માટે ગાંધીનગર, અમદાવાદ ઉપરાંત રાજયના ખ્યાતનામ મીડિયાકર્મીઓની પોતાની સેવાઓ આપી રહ્યા છે. જેના પરિણામે અહીંથી તાલીમ પામેલાં અનેક તાલીમાર્થીઓ અત્યારે મીડિયાના ક્ષેત્રમાં સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યા છે ને સમાજને પોતાનું બહુમૂલ્ય યોગદાન આપી રહ્યા છે.

પત્રકારત્વના આ કોર્સમાં પત્રકારત્વના પાયાના સિદ્ધાંતો, લેખન કૌશલ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં જરૂરી એવી ઍન્કરીંગ, વોઇસ ઓવર, વોઇસ મોડ્યુલેશન, ડબિંગ અને કૅમેરા ફેસીંગની પ્રૅક્ટિકલ ટ્રેનીંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને જરૂરી એવું ફિલ્ડ વર્ક પણ કરાવવામાં આવે છે અને તેમને પત્રકારત્વનાં સઘળાં પાસાઓની થિયરીકલ તથા પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવે છે.

કોર્સની અભ્યાસસામગ્રી, વિશ્વવિદ્યાલયની અનુભવી અભ્યાસ પધ્ધતિ અને ઉજ્જવળ ખ્યાતિને કારણે કૅમ્પસમાંથી જ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મળી જાય એવી તકોનું નિર્માણ પણ અહીં શક્ય બને છે.

પત્રકારત્વના કોર્સનો સમયગાળો એક વર્ષનો છે અને સપ્તાહના છ દિવસ માટે સાંજે બે કલાક તાલીમાર્થીએ થિયરીકલ તાલીમ માટે આવવાનું હોય છે. આ ઉપરાંત ફિલ્ડ વર્ક અને સંસ્થા મુલાકાતો પણ યોજવામાં આવે છે.

કોઈ પણ વિષયમાં સ્નાતક એટલે કે ગ્રેજ્યુએશન પૂર્ણ કરનાર વિદ્યાર્થી આ કોર્સમાં પ્રવેશ પ્રાપ્ત કરી શકે છે. એલડીઆરપી કેમ્પસ, સૅક્ટર-૧૫ ખાતે આ કોર્સમાં પ્રવેશ માટે સંપર્ક કરવાનો રહેશે. આ અંગેની વધુ માહિતી માટે અભ્યાસ સંયોજક મિતેષ મોદી (૮૪૦૧૮ ૬૩૨૨૯)નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

ઍડમિશન માટે ડોનેશન સામે એસીબીનું સોશિયલ મીડિયા મિશન

ગાંધીનગર, તા. ૧૨

હવે પાછોતરા એડમિશનની મોસમ ખિલશે. મતલબ કે, ઈચ્છિત સ્કૂલ કે કોલેજમાં એડમિશન લેવા માટે દોડાદોડી થશે. લોકોની આ ઈચ્છાનો ગેરલાભ લઈને કમાણી કરી લેવા અમુક સંચાલકો 'ડોનેશન'ની માગણી કરશે. સ્કૂલોમાં ફીનું ધોરણ નક્કી કરવા માટે સરકારે કમિટી નિશ્ચિત કરી છે. આ ફીથી વધુ રકમ માગવામાં આવે તો કમિટીને ફરિયાદ થઈ શકે છે. પણ, જો એડમિશન માટે ડોનેશન માગવામાં આવે તો એસીબીને જાણ કરવાના મેસેજ સોશિયલ મીડિયામાં વ્યાપક બન્યાં છે. એસીબીના સૂત્રો કહે છે કે, ડોનેશન સામે લોકોને ફરિયાદ કરવા ઈજન અપાયાને એક વર્ષ વિતી ગયું પણ કોઈ ગંભીર ફરિયાદ આવી નથી. આમ છતાં, ડોનેશન ઉઘરાવાઈ રહ્યાની ફરિયાદ હોય તો લોકો ટોલ ફ્રી નંબર ૧૦૬૪ ઉપર એક કોલ કરશે તો કાર્યવાહી કરાશે. બશર્તે, એડમિશન માટે ડોનેશન માગવામાં આવે તો જ એસીબીનો સંપર્ક કરવાનો રહેશે.

ડોનેશનના ભ્રષ્ટાચાર ઉપર અંકુશ મેળવવા સ્કૂલ-કોલેજોની એડમિશન સિસ્ટમમાં બદલાવ લવાઈ રહ્યો છે. આમ છતાં, અમુક તબક્કા એવા છે કે જેના થકી ભ્રષ્ટાચાર હજુ ચાલી રહ્યો છે. એન્જિનિયરિંગ અને મેડિકલમાં મેનેજમેન્ટ ક્વોટાની ૧૫ ટકા બેઠકો હોય છે તેમાં ભ્રષ્ટાચારની ફરિયાદો ઉઠતી રહે છે.

એસીબીએ આહવાન કર્યું છે કે, શિક્ષણ કરતાં ભ્રષ્ટાચારને પ્રાધાન્ય આપતાં શિક્ષણમાફિયાઓ સામે લોકો બેખૌફ બનીને એસીબીને ફરિયાદ કરી શકે છે. ફરિયાદ કરનાર વ્યક્તિનું નામ ખાનગી રાખીને તપાસ કર્યા બાદ કાર્યવાહી કરવામાં આવશે. લોકો સ્થાનિક એસીબી કચેરી ઉપરાંત એસીબીના ટોલ ફ્રી નંબર ૧૦૬૪ ઉપર ડાયલ કરી વિગતો આપી શકે છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ

પ્રકાશભાઈ પટેલ "ગુજરાત યંગ એચીવર્સ" એવોર્ડથી સન્માનિત

ગાંધીનગર, તા. ૧૨

સમગ્ર ઉત્તર ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે ખ્યાતિપ્રાપ્ત તેમજ સેવાકીય કાર્યો દ્વારા આગવું સ્થાન ધરાવતી વિસનગરની સાંકળચંદ પટેલ યુનિવર્સિટીને શિક્ષણક્ષેત્રે કરેલા યોગદાન બદલ તાજેતરમાં તા. ૧૦ જૂન, ૨૦૧૮ના રોજ જી ૨૪ કલાક ટીવી ચેનલ દ્વારા રાજકોટ ખાતે યોજાયેલ "યંગ ગુજરાત પ્રગતિશીલ ગુજરાત" સમારંભમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબના હસ્તે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલને "યંગ એચીવર્સ" એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે.

આ સાથે નોંધનીય છે કે શ્રી પ્રકાશભાઈ પટેલ હાલમાં નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી તરીકે પણ સેવા આપી રહ્યા છે કે જે ટ્રસ્ટ ઉત્તર ગુજરાત ખાતે છેલ્લા ૭૮ વર્ષથી સતત શિક્ષણ ક્ષેત્રે કાર્યરત છે. મંડળ દ્વારા પ્રાથમિક શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, તકનીકી શિક્ષણ અને તબીબી શિક્ષણ ક્ષેત્રે વિવિધ સંસ્થાઓ દ્વારા ગુણવત્તાસભર આધુનિક શિક્ષણ આપવાનું કાર્ય થઈ રહેલ છે. મંડળની વિવિધ સંસ્થાઓ ખાતે આશરે ૪૨૫ જેટલા પ્રાધ્યાપકો દ્વારા અંદાજીત ૧૦૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉચ્ચ ગુણવત્તા યુક્ત શિક્ષણ મેળવી રહ્યા છે. સાંકળચંદ

પટેલ યુનિવર્સિટીમાં જુદા જુદા સંલગ્ન કોલેજોમાં ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ અને પીએચ.ડી (એન્જીનીયરીંગ અને ટેકનોલોજી, ફાર્મસી , કોમ્પ્યુટર સાયન્સ, સાયન્સ, કોમર્સ, ડેન્ટલ સાયન્સીસ, નર્સિંગ અને ફીઝીયોથેરાપી) જેવા અભ્યાસક્રમો હાલમાં ચાલી રહ્યા છે. આવનારા સમયમાં મેડીકલમાં એમ.બી.બી.એસ. અને પેરા મેડીકલમાં બી.એસ.સી. સાયન્સીસ જેવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબના હસ્તે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલને એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ તે બદલ નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રીઓએ અને નૂતન પરિવારે તેઓશ્રીને હાર્દિક અભિનંદન પાઠવેલ છે. શ્રી પ્રકાશભાઈ પટેલે આ ગૌરવની બાબતે જણાવેલ કે આ એવોર્ડનો શ્રેય આપ દરેકના અથાગ પ્રયત્નોના આભારી છે અને આવા સન્માનિત કાર્યક્રમોથી વધુ યુવાનો પોતાના ક્ષેત્રમાં સમાજ સેવા કરવા માટે પ્રેરીત થશે.

આજના સમયની સમસ્યાને પ્રસ્તુત કરતું ગંભીર, ચર્ચાસ્પદ છતાં

ખૂબ જ મહત્ત્વપૂર્ણ વિષયને આલેખતું પુસ્તક : અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય



અભિવ્યક્તિની સ્વતંત્રતા એટલે સરકાર, સેન્સરશિપ કે સામાજિક નિયંત્રણોનો કોઈ જ ભય રાખ્યા વગર પોતાના વિચારો કે અભિપ્રાયોને જાહેરમાં મુક્તપણે વ્યક્ત કરી શકવાનો અધિકાર. વાણીની સ્વતંત્રતાના પર્યાયરૂપે ઘણીવાર અભિવ્યક્તિની સ્વતંત્રતા જેવો શબ્દ પ્રયોજાય છે. આ અધિકારમાં કોઈપણ માધ્યમ દ્વારા માહિતી, સમાચાર, વિચારો કે અભિપ્રાયોને ખોળવા, સાંભળવા અને બીજાઓની વચ્ચે તેને વહેંચવાનો સમાવેશ થઈ જાય છે. લગભગ તમામ સરકારો કોઈ ને કોઈ મર્યાદાઓના બંધનો આગળ ધરીને નાગરિકોની સ્વતંત્ર વાણી કે અભિવ્યક્તિને અંકુશિત કરે છે. આમાંથી સામાન્ય ગણાતી મર્યાદાઓમાં નિંદા, અપશબ્દો, અશ્લીલતા, બિભત્સતા, પોર્નોગ્રાફી, ઉશ્કેરણી, આક્રમક વિચારો, ખાનગી રાખેલી કોઈ વિગતો, કૉપીરાઈટનો ભંગ, ધંધા-વેપારનાં રહસ્યો, ગુપ્ત કરારનામાં વગેરેનો સમાવેશ થઈ જાય છે. આ ઉપરાંત ખાનગીપણાનો અધિકાર, સામાજિક સલામતી, જાહેર કાયદો અને વ્યવસ્થા, જાહેર ઉપદ્રવ કે હાનિકારક વિગતો, નાણાંકીય સુધારા, ખોટું સોગંદનામું અને દમન કે અત્યાચાર જેવા સંજોગોમાં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાને મર્યાદિત કરવામાં આવે છે.

'અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય' લેખક ભરત દવેનું એવું દળદાર પુસ્તક છે જેમાં ૨૧ પ્રકરણોમાં અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનો ઇતિહાસ, અભિવ્યક્તિ, સ્વાતંત્ર્યની આગેકૂચ, પાશ્ચાત્ય દેશોમાં સેન્સરશીપ, સાહિત્ય, વિદેશી નાટકો અને કલા, ભારતમાં અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય, ભારતમાં સેન્સરશીપ,સાહિત્ય, નાટક, કલા, ફિલ્મ, વ્યંગવિનોદ, ઇન્ટરનેટ, પ્રચાર માધ્યમોની સ્વતંત્રતા, દેશદ્રોહનો કાનૂન, ધાર્મિક અસહિષ્ણુતા, આજની વૈશ્વિક કસોટી : જમણેરી પરિબળોનો ઉદય, ભારતીય રાજકારણ અને જમણેરી પરિબળોનો ઇતિહાસ, ભાજપ શાસન હેઠળ વાણી સ્વાતંત્ર્ય, અસહિષ્ણુતા, પ્રાચીન ભારતમાં વૈચારિક સ્વતંત્રતા જેવા વિષયો પર જેરીતે રજૂઆત કરવામાં આવી છે તે દરેકને સ્પર્શી જાય તેવી છે.

ભારતમાં ૨૦૧૪ પછી સત્તા પર આવેલ ભાજપ શાસનમાં જે કોઈ વ્યક્તિઓ, રાજકીય પક્ષો, નાગરિક જૂથો કે પ્રસાર માધ્યમો આવા ગંભીર અને ચર્ચાસ્પદ વિષય પરનું એક પુસ્તક હમણાં મારા હાથમાં આવ્યું, તેની વાત કરવી છે.

સંઘ, ભાજપ, મોદી કે સરકારની આલોચના કરે અથવા તેમના વિચારો સાથે અસંમતિ દર્શાવે તો તરત જ તેઓનો દેશવિરોધી કે દેશદ્રોહી ગણી લેવામાં આવે છે. લોકશાહી અર્થવ્યવસ્થા હેઠળ એક જ નેતા કે પક્ષને ચૂંટણીમાં મળેલું જંગી જનસમર્થન રાજકર્તાઓમાં અનિવાર્યપણે નશો લાવે છે, જેનાથી તેમનો અવાજ ઊંચો અને દમદાટી ધરાવતો થઈ જાય છે.

આજે એવો સમય ચાલી રહ્યો છે જેમાં તર્કબુદ્ધિ, પ્રશ્નો કે વસ્તુનિષ્ઠ અભિગમને કોઈ સ્થાન જ નથી. હાલ પ્રવર્તમાન વિચારધારાના બે અંતિમો વચ્ચે સાદત હસન મન્ટોના 'ટોબા ટેક સિંઘ'ની માફક એક પગે ઉભા રહેવા માગે તે થોડ જ વખતમાં બેમાંથી એક બાજુએ ગબડી પડવાનો છે. આજે બહુ ચાલાક પ્રશ્નો ભારતીય પ્રજાને પૂછાઈ રહ્યા છે, 'શું તમે વિકાસના વિરોધી છો ? શું તમે દેશવિરોધી છો ? સ્વચ્છતાના વિરોધી છો ? છો ? તમે વિરોધી છો ? જવાબ આપો. શું રાષ્ટ્રગીત ગાવાના વિરોધી છો ? ભારતીય લશ્કરના વિરોધી છો ? મોટા અવાજે સમૂહમાં જવાબ આપો. તમે ભ્રષ્ટાચારને ટેકો આપો છો ?' તમે આતંકવાદને ટેકો આપો છો ? દેશદ્રોહીઓને ટેકો આપો છો ? ચીજોના ભાવ ઘટવા જોઈએ કે ન ઘટવા જોઈએ ? નકલી નોટો અને હવાલા કૌભાંડો પર રોક લાગવી જોઈએ કે ન લાગવી જોઈએ ? કુટુંબવાદ ખત્મ થવો જોઈએ કે થવો જોઈએ ?'

સાવા સામાન્યમાં સામાન્ય બુદ્ધિ ધરાવતો માણસ પણ કહી શકે કે આમાંથી એકેય સવાલનો જવાબ 'ના'માં હોઈ જ ન શકે. પરંતુ આનો અર્થ એ પણ નથી કે એ બધું ખત્મ કરવા માટે વર્તમાન સરકાર જે કોઈ નીતિઓ અમલમાં મૂકી રહી છે તે યોગ્ય છે અને સૌને માન્ય છે. સવાલો તો કોઈપણ પૂછી શકે. ખરી કાબેલિય તેના જવાબો કે ઉકેલ શોધી આપવામાં છે. દેશમાં પ્રવર્તતાં દૂષણો નાબૂદ કરવા બાબતે સૌ કોઈ સંમત હોય પરંતુ તેને નાબૂદ કરવાની સરકારી નીતિ-રીતિઓ સાથે પ્રામાણિક મતભેદો હોઈ શકે છે અને એ જ તો લોકશાહીનું હાર્દ છે.

જહોન સ્ટુઅર્ટ મિલે કહેલું, 'વાણીસ્વતંત્રતા માત્ર ગમતી વાતો કહેવા માટે કે સાંભળવા પૂરતી ન હોય. તમને ન ગમતી વાતોને, તમે ધિક્કારતા હોય કે તેવી વાતોને પણ તમે એટલી જ સ્વસ્થતા અને ઉદારતાપૂર્વક સાંભળો એ એની ખરી કસોટી છે.' ૨૦મી સદીમાં નૉમ ચોમ્સ્કીએ પણ કહેલું, 'ઇતિહાસમાં સ્ટાલિન અને હિટલર જેવા સરમુખત્યારોએ પણ તેમની પ્રજાઓને વાણીની સ્વતંત્રતાનો અધિકાર આપેલો, પણ માત્ર એવી જ વાણી જે તેઓને મંજૂર હોય. લેખક ભરત દવેએ તેમના બે બોલમાં અહીં ઘણું બધું કહી દઈને વાચકને પુસ્તક વાંચવા તરફ દોરવાની સુંદર કોશિષ કરી છે.

આજના અસહિષ્ણુ જગતમાં આપણને માત્ર 'હાજી, હા' કરનારાઓનો ખપ નથી. અંતરાત્માના ધીમા પણ મક્કમ અવાજને વિશાળ માનવજાતના આંતરવિવેક સુધી પહોંચાડી શકનારા 'બળવાખોરો' જ માનવજાતને વર્તમાન સમસ્યામાંથી ઉગારનારો કોઈ નવો વિકલ્પ ચિંધી બતાવશે.

આજે જેની જરૂરિયાત છે તેવા ખૂબ જ મહત્ત્વના ચર્ચાસ્પદ વિષય પરનું આ પુસ્તક પ્રગટ કરવા બદલ ગૂર્જર પ્રકાશ અને લેખક ભરત દવે અભિનંદનના અધિકારી છે.

અભિવ્યક્તિ - સ્વાતંત્ર્ય
લેખક : ભરત દવે
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૭
કિંમત : રૂા. ૪૦૦.૦૦

- નટવર હેડાઉ